ગાંધીનગર સમાચાર

**પંચાયતના સભ્યોને વિકાસ માટે હવે માત્ર પાંચ લાખ જ ફાળવાશે**

# રહેણાંક વિસ્તારમાં હોસ્પિટલો ચલાવવા સામે મનપાની નોટીસ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સે. ૭માં રહેણાંક વિસ્તારમાં ચાલતી ખાનગી હોસ્પિટલોને આજે મ્યુનિ. કોર્પોરેશન દ્વારા નોટીસો પાઠવવામાં આવી છે.

મળતી વિગતો મુજબ રહેણાંક વિસ્તારમાં હોસ્પિટલો પથારીની સુવિધા સાથે ચલાવવી એ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન્સના ભંગ સમાન હોઈ આ નોટીસો આપવામાં આવી છે.

મનપાના તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર શહેરના વિવિધ સેક્ટરોમાં આવી હોસ્પિટલો કાર્યરત હોવાનું તંત્રના ધ્યાને આવતાં આ માટે સર્વેની કામગીરી હાથ પર લેવામાં આવી છે. આજે ૬ જેટલી હોસ્પિટલોને આ અંગેની નોટીસો આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# સે-૧ બી માં પણ છેલ્લા ૧૫ દિવસથી એલ ઈ ડી લાઈટો ડુલ રહેતા અંધારપટ્ટ

ગાંધીનગર તા ૨૯

શહેરના સેકટરોમાં નવી એલ ઈ ડી લાઈટો ફીટ કરાયા બાદ સાંજ ઢળતા મોટાભાગના વિસ્તારોમાં અંધારપટ્ટ છવાઈ જતો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. સેકટરોમાં બંધ રહેતી સ્ટ્રીટ લાઈટની ફરિયાદો વધી છે. શહેરના સે-૧ બી માં પણ છેલ્લા ૧૫ દિવસથી સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા રહેણાંક વિસ્તારમાં અંધારપટ્ટ છવાયેલો છે.

શહેરમાં એલ ઈ ડી લાઈટના પ્રોજેકટ બાદ સેકટરોની શેરીઓમાં અંધારપટ્ટ જોવા મળી રહયો છે. સેકટરોમાં નજર નાંખો ત્યાં એલ ઈ ડી લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. જયારે એલ ઈ ડી લાઈટ ચાલુ કરવાના મામલે આમ નાગરિકોની ફરિયાદોને પણ ખો આપવામાં આવે છે. બંધ સ્ટ્રીટ લાઈટ સંદર્ભે કયા ઠેકાણે ફરિયાદ કરવી તે મામલે પણ સેકટરવાસીઓએ માથુ ખંજવાળવાનો વારો આવ્યો છે. સેકટરોમાં વારંવાર સ્ટ્રીટ લાઈટો ડુલ થઈ જાય છે. સે-૧ બી માં પ્લોટનં - ૪૦ પાસે સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ છેલ્લા ૧૫ દિવસથી બંધ છે. અનેક રજુઆતના અંતે પણ સ્થાનિક રહીશોની ફરિયાદોનુ નિરાકરણ આવ્યુ નથી. ગરમીના દિવસોમાં લાઈટો ડુલ થતા રાત્રિના સમયે વોકીંગ અર્થે જતા સેકટરવાસીઓને પણ મુંઝવણમાં મુકાવવુ પડે છે.

જયારે વિજબીલની બચતના અભિગમ સાથે એલ ઈ ડી લાઈટો ફીટ કરવામાં આવ્યા બાદ સેકટરોની શેરીઓમાં ઉજાસ પથરાશે તેવી આશા પર જાણે પાણી ફરી વળ્યુ હોવાનો આક્રોશ સ્થાનિક રહીશોમાં પ્રબળ બન્યો છે. એલ ઈ ડી લાઈટના મામલે ફરિયાદોના નિરાકરણ સંદર્ભે તંત્ર એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાઈ છે. સેકટરોમાં નવા ફીટીંગ બાદ સ્ટ્રીટ લાઈટની સેવા હજુ પણ થાળે પડી નથી. જયારે આ મામલે તંત્ર દ્વારા સર્વે હાથ ધરી ફરિયાદોનુ કાયમી નિરાકરણ લાવવા માટે માંગ ઉઠવા પામી છે.



## ઉનાળાના આકરા મિજાજે પ્રાણીઓની અવદશા..!!

ઉનાળાએ તો આ વખતે હજુ ઉંબરે પગ મુક્યો છે ને ડરાવવા લાગ્યો છે. ગત વર્ષ તાપમાનના આંકે અડધી સદી ફટકારી હતી તે વિક્રમ તોડી આ વર્ષે નવો આંકડો સ્થાપિત કરશે તેવુ ચોક્કસપણે જણાઈ રહ્યું છે. જો કે આ પરિસ્થિતિ માટે માનવી પોતે જ જવાબદાર છે. માનવીએ વડ, પીપળા, લીમડા અને તેના જેવા અનેક વૃક્ષો કાપી નાંખ્યા અને ઘરના ડ્રોઈંગરૂમમાં મની-પ્લાન્ટની વેલ ઉગાડવવાનું શરૂ કર્યુ છે. માનવીના આ કર્મના પ્રત્યાઘાત પ્રકૃતિ એવી રીતે આપી રહી છે કે સીઝનના પ્રારંભથી જ જાણે કહી રહી હોય કે 'બેટા, અભી તો પાર્ટી શુરૂ હુઈ હે..!!' અને વિચિત્રતા તો જુઓ કે માનવી હજુ પણ ગરમી વધતા વૃક્ષો વાવવાને બદલે નવા એસી ખરીદવા દોટ મુકે છે. ખેર, માનવીના આ કર્મોની સજા બિચારા આ નિર્દોષ પ્રાણીઓ ભોગવી રહ્યા છે. સચિવાલયના બિલ્ડીંગમાં બપોરે ધોમ ધખતાં તડકામાં વાનરો જે હાલતમાં સૂઈ રહ્યાં છે તે જોતા ખરેખર અરેરાટી ઉપજે તેમ છે.

# પંચાયતના સભ્યોને વિકાસ માટે હવે માત્ર પાંચ લાખ જ ફાળવાશે

## વિસ્તારમાં વિકાસના કામો માટેની ગ્રાન્ટમાં ૫૦ ટકાનો કાપ મુકાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સદસ્યોને ફાળવવામાં આવતી વિસ્તાર વિકાસ ગ્રાન્ટમાં ૫૦ ટકા કાપ મુકવામાં આવ્યો છે.

પંચાયતના ચૂંટાયેલા સદસ્યને વિસ્તારમાં વિકાસ માટે રૂ. ૧૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવતી હતી પરંતુ હવે ૧૭-૧૮ના નાણાંકીય વર્ષમાં તેમાં ઘડાટો કરી સભ્ય દીઠ રૂ. પાંચ લાખની જ ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની તાજેતરમાં મળેલ ખાસ સામાન્ય સભામાં રજુ થયેલા બજેટમાં સભ્યો માટે રૂ. ૧૫૦ લાખ જ ફાળવવામાં આવ્યા છે. જિલ્લા પંચાયતના સભ્યોની સંખ્યા ૩૦ છે એટલે દરેક સભ્ય દીઠ આ ગ્રાન્ટ રૂ. પાંચ લાખ જ આવે છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના આ બજેટમાં સામાજિક સેવાઓ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે તે પણ નોંધનીય છે.

જો કે પંચાયત સાથે સંકળાયેલ વર્તુળોના જણાવ્યાનુસાર રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી સારી એવી રકમ સભ્યોને વિકાસ કામ માટે ફાળવવામાં આવી છે એટલે અહિ કાપ મુકવામાં આવ્યો છે. બીજી તરફ નાણાંપંચની ગ્રાન્ટ પણ પંચાયતોની સીધી ફાળવવામાં આવતી હોવાથી હવે દરેક ગામમાં વિકાસના કામ થશે એટલે અન્યાયને કોઈ સ્થાન રહેતુ નથી.

જિલ્લા પંચાયતમાં સભ્યોની ગ્રાન્ટમાં મુકાયેલા કાપને લઈ કોંગ્રેસના સભ્યો હાલ કોઈ ખાસ બોલવા તૈયાર નથી.

# આકરી ગરમીના પગલે પાણીમાં કલોરીનેશનનુ પ્રમાણ વધારાયુ

ગાંધીનગર તા ૨૯

શેહરમાં આકરી ગરમીના દિવસોમાં પાણીની ગુણવત્તા જળવાઈ રહે તે માટે કલોરીનેશનનુ પ્રમાણ વધારી દેવાયુ છે. પાણીના કલોરીનેશનમાં ૦.૨ પીપી એમથી ૩ થી ૩.૫ પીપી એમ સુધીનો વધારો કરી દેવાયો છે. અસહ્યા ગરમીમાં પાણીજન્ય રોગચાળો માથુ ન ઉંચકે તે માટે તંત્ર દ્વારા પાણીની ગુણવત્તા તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે.

શહેરમાં હાલ કાળઝાળ ગરમીનુ મોજુ ફરિ વળતા નગરજનોમાં પાણીનો વપરાશ વધ્યો છે. જયારે પાણીની જરૂરિયાતની સાથે ગુણવત્તા જળવાઈ રહે તે માટે પણ પાણીના નમુના લઈ રોજબરોજ ચકાસણી કરવામાં આવી રહી છે. વધતી ગરમીની સાથે પાણીજન્ય રોગચાળો અંકુશમાં રહે તે માટે પણ પાણીના નમુનાનુ પરીક્ષણ કરવામાં આવી રહયુ છે. જયારે આગ ઓકતી ગરમીમાં પાણીનો વપરાશ વધ્યો છે ત્યારે પાણીમાં સામાન્ય દિવસો કરતા કલોરીનેશનની માત્રા પણ વધારી દેવાઈ છે. આડા દિવસોમાં પાણીમાં ૦.૨ પી પી એમ જેટલુ કલોરીનેશન કરવામાં આવે છે. જયારે હાલ ગરમીમાં પાણી જન્ય રોગચાળો જોર ન પકડે તે માટે કલોરીનેશન વધારી ૦.૩ સુધી કરી દેવાયુ છે. આ ઉપરાંત સેકટરોમાંથી જુદા જુદા ઠેકાણેથી પાણીના નમુના લઈ ચકાસણી પણ કરવામાં આવી રહી છે.

# જિલ્લા પંચાયતમાં હવે બાયોમેટ્રીક એટેન્ડેન્ટસ પ્રથા ૧લી મેથી અમલી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે હવે ૧લી મેથી બાયોમેટ્રીક હાજરી પ્રથાની નીતિ અમલી બનશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની તાજેતરમાં મળેલ સામાન્ય સભામાં મંજુર કરાયેલ વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં આ અંગેની જોગવાઈ પણ કરવામાં આવી છે.

પંચાયતનું તંત્ર હમણાં પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં વ્યસ્ત હોઈ એપ્રિલ માસમાં આ અંગેની ટેન્ડરીંગ સહિતની કામગીરી હાથ પર લેવામાં આવશે. આ માટે કર્મચારીઓની થમ્બ ઈમ્પ્રેશન પણ કલેકટ કરી દેવામાં આવશે.

૧લી મે રાજયનો સ્થાપના દિવસ હોઈ આ દિવસથી જ આ નવી એટેન્ડેન્ટસ પ્રથા અમલી બનાવવાની આખી વ્યુહરચના તૈયાર કરી દેવામાં આવી છે. જે અંતર્ગત એપ્રિલ માસમાં લગભગ તમામ પ્રક્રિયા અને આનુસંગિક કામગીરી આખરી કરી દેવામાં આવશે.

પ્રથમ એકાદ સપ્તાહ ટ્રાયલ રન પણ કરવામાં આવે તેવી વિચારણાનો વિકલ્પ ખુલ્લો રાખવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં શિક્ષણ સમિતિ સંચાલિત પ્રા. શાળાઓમાં ઓન લાઈન એટેન્ડેન્ટસ પ્રથા અમલી બનાવ્યા બાદ હવે જિલ્લા પંચાયત કચેરીમાં બાયોમેટ્રીક હાજરી પ્રથા અમલી બનાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

બાયોમેટ્રીક એટેન્ડેન્ટસ પ્રથાને પગલે ગુટલીબાજ કર્મચારી પર તંત્રની સીધી નજર રહેશે તેમજ લેઈટ બાબુઓ પણ પળમાં ઝડપાઈ જશે. હાલ જિલ્લા પંચાયત ખાતે કર્મચારીઓની હાજરી અંગે નિયમિત રિપોર્ટીંગ લેવામાં આવી રહ્યું જ છે.

# ગૌચરની જમીનના દબાણકારો કોર્ટમાં જતાં દબાણો દૂર થઈ શક્યા નથી : પંચાયતમંત્રી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ગૌચરની જમીન પર ૨૯૧ ગેરકાયદેસર દબાણો ઉભા કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૪૧ દબાણકારો કોર્ટમાં ગયા હોવાથી દબાણો દૂર થઈ શક્યા નથી તેવુ રાજય સરકારે રાજય વિધાનસભાગૃહમાં કોંગીના ધારાસભ્ય શક્તિસિંહ ગોહિલના પ્રશ્નમાં જણાવ્યુ છે.

રાજયના રાજય પંચાયત મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં સને ૨૦૧૫માં ગૌચર દબાણ સેલ મારફત તાલુકાવાર ૨૯૧ દબાણોને ઓળખી કાઢવામાં આવ્યા હતા. આ પૈકી ૫૦ દબાણો તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવ્યા છે.

પંચાયત મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં બાકી કુલ ૨૪૧ દબાણોમાં કોર્ટ મેટર ચાલુ હોઈ તથા ડી.આઈ.એસ.આર.ની માપણી કરવાની બાકી હોવાથી દબાણ દૂર કરવાની કાર્યવાહી બાકી રહી છે.

જિલ્લામાં કોર્ટ મેટરના ચુકાદા આવ્યેથી તથા ડી.આઈ.એસ.આર. દ્વારા માપણી થયેલી સંબંધિત ગ્રામ પંચાયતના સંપર્કમાં રહી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ મુજબ દબાણો દૂર કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

દરમ્યાન જિલ્લામાં એક તરફ ગૌચરની જમીનની ઘટ છે અને બીજી તરફ ગૌચરની જમીનો પર થયેલા દબાણોને કારણે તંત્રની મુશ્કેલીમાં પણ વધારો થવા પામ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની જેમ શહેરી વિસ્તારમાં પણ દબાણોની સમસ્યા ઘેરી બની રહી છે.






તસવીર ગાયબ - ગાંધીનગરમાં જુના સચિવાલય તરીકે ઓળખા ડૉ. જીવરાજ મહેતા ભવનના પહેલા માળે કેટલાય સમયથી રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી અને જેમના નામ સાથે સમગ્ર ભવનનું નામ સંકળાયેલ છે એવા ડૉ. જીવરાજ મહેતાની તસવીર ગાયબ છે... આજથી છએક મહિના પહેલા પણ અખબારોના પાને આ તસવીર છપાઈ હતી પરંતુ તંત્રના બહેરા કાને કંઈ સંભળાયું નથી કે ઈરાદા પૂર્વક તસવીર મુકાતી નથી... એ લોકજીભે ચર્ચાતો પ્રશ્ન છે... તંત્ર રાજકીય ગરિમા જાળવીને જો તસવીર પુનઃ યથાસ્થાને ગોઠવે તો યોગ્ય લેખાશે...

## બેસણું



સખેદ જણાવવાનું કે, મારા પતિ **અજયકુમાર પ્રવિણચંદ્ર શુક્લ**નું દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગતનું **બેસણું** તા. ૩૦-૦૩-૨૦૧૭ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : તિરૂપતિ બાલાજી હોલ, સેક્ટર-૧૬ શોપીંગ પાસે, ગાંધીનગર**

લિ. કલાબેન અજયકુમાર શુક્લ (પત્ની)
દિપેન અજયકુમાર શુક્લ (પુત્ર)
ગ્રીષ્મા દિપેન શુક્લ (પુત્રવધુ)
વર્ષા અજયકુમાર શુક્લ (પુત્રી)
રાજાભાઈ પી.શુક્લ (ભાઈ)
કોકિલાબેન આર.શુક્લ (ભાભી)
ઉપેન્દ્રકુમાર એમ.જોષી (બનેવી)
ભારતીબેન યુ.જોષી (બેન)
જયશ્રીબેન શુક્લ (બેન)

# નિકાલ હેઠળના મકાનો તોડાયા બાદ નવા મકાનો બાંધવાની કામગીરી આરંભાઈ

ગાંધીનગર તા ૨૯

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ માર્ગ મકાન વિભાગ દ્વારા નવા સરકારી આવાસો બાંધવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે હમણાં જ પાટનગર યોજના ભવનના બજેટમાં સરકારી આવાસો નવા બાંધવા માટે જોગવાઈ કરવામાં આવી છે. જેના પરિણામે તંત્ર દ્વારા શહેરમાં સ્થળ પસંદગી માટે સર્વે હાથ ધરાશે નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ આ જગ્યાએ નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. જયારે હજુ પણ જોખમી આવાસો તોડવાની અનિવાર્યતા છે. ત્યારે નવા આવાસો બાંધવા માટે સેકટરોમાં હજુ પણ જગ્યા ખુલ્લી કરવામાં આવશે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના સરકારી આવાસો પૈકી મોટાભાગના હાલ જોખમી સ્થિતિમાં છે. જયારે નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ કોર્પોરેટ લુક ધરાવતા સરકારી આવાસો બાંધવાનુ કામ હાલ ચાલી રહયુ છે. સે-૭ અને સે-૩૦ માં નવા સરાકારી આવાસો

● અનુસંધાન પાન-૭ પર

## PRIME MINISTER FOOTBALL TOURNAMENT
### UNDER - 19 (BOYS & GIRLS)

1ST PHASE **OF** PRIME MINISTER FOOTBALL TOURNAMENT UNDER-19 (BOYS & GIRLS) **WILL BE HELD FROM 1ST MAY TO 15TH MAY 2017 GANDHINAGAR, GUJARAT. YOU ALL ARE REQUESTED TO COME AND WATCH THE GAME AND ALSO TO ENCOURAGE MORAL OF THE PLAYERS.**

## 'નોટબુક-ચોપડા'ની કામગીરી માટેનું ટેન્ડર

**શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર**
C/o જલારામ ધામ, સેક્ટર-૨૯, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૩૬૧૪

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા ચોપડા ૩૨૫ ડઝન બનાવવા માટે આ કામના જાણકાર પ્રીન્ટીંગ પ્રેસ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો જલારામ મંદિર ખાતેથી તા. ૩૦/૩/૨૦૧૭થી ૮/૪/૨૦૧૭ સુધી સવારે ૯ થી ૧૨ તથા સાંજે ૪ થી ૯ સુધી મેળવી લેવાના રહેશે. ભાવપત્રકો તા. ૯/૪/૨૦૧૭ના સાંજે પાંચ વાગ્યા સુધી મેનેજર, શ્રી જલારામ મંદિર, સેક્ટર-૨૯ને મોકલી આપવાના રહેશે.

સહી/-
સેવંતીલાલ જે. ઠક્કર
મંત્રી, શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com